# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **આજે વિશ્વ હોમિયોપેથી દિવસ નિમિત્તે અમદાવાદમાં કેન્દ્રીય મંત્રી પ્રતાપરાવ જાદવ અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સંમેલન યોજાશે.**
2. **સુરતમાં હિરાના કારખાનામાં પાણીમાં ઝેર ભેળવી દેવાતાં 118 જેટલા રત્નકલાકારોને ઝેરી અસર અંગે પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ.**
3. **ગેરકાયેદ ખનન કરનારાની જમીન ખાલસા કરવા ચોટીલા તંત્ર દ્વારા કવાયત હાથ ધરાઇ.**
4. **આવતીકાલથી રાજ્યભરમાં પારો ગગડે તેવી હવામાન વિભાગની આગાહી.**
5. **અમદાવાદમાં રમાયેલી IPLની મેચમાં ગુજરાત ટાઇટન્સનો રાજસ્થાન રોયલ્સ સામે વિજય.**
6. **આજે મહાવીર જયંતી ઉજવણી- મુખ્યમંત્રી અને રાજ્યપાલએ સૌ નાગરિકોને આ પર્વની શુભકામનાઓ પાઠવી.**

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# WORLD HOMEOPATHY DAY

આજે વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. હોમિયોપેથી એ વિશ્વની બીજી સૌથી મોટી તબીબી પ્રણાલી છે. તે આરોગ્ય સંભાળ માટે સર્વગ્રાહી અભિગમ પ્રદાન કરતી હોવાથીતેની કુદરતી, બિન-નુકસાનકારક સારવારને કારણે વિશ્વભરના લાખો લોકોને આકર્ષે છે.

આયુષ મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશમાં 10 કરોડથી વધુ લોકો તેમની સ્વાસ્થ્ય જરૂરિયાતો માટે હોમિયોપેથી પર વિશ્વાસ કરે છે. વિશ્વ હોમિયોપેથી દિવસ પ્રસંગે દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

આજે સવારે ગાંધીનગરમાં ભારત સરકારના આયુષ મંત્રાલય હેઠળની સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન હોમિયોપેથી, નેશનલ કમિશન ફોર હોમિયોપેથી અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોમિયોપેથીના ઉપક્રમે હોમિયોપેથિક સંમેલન યોજાશે. આ પ્રસંગે આયુષ મંત્રાલયના કેન્દ્રીય મંત્રી પ્રતાપરાવ જાધવ અને  મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે.

# SURAT DIMANOD FACTORY POISION

સુરતના કાપોદ્રા વિસ્તારમાં આવેલી બિલ્ડિંગમાં અનભ જેમ્સમાં 118 રત્ન કલાકારોને ઝેરી દવાની અસર થઈ હતી, તે અંગે શિક્ષામંત્રી પ્રફુલ પાંસેરિયાએ CCTV ફૂટેજના આધારે પોલીસ સઘન તપાસ કરી રહી હોવાનું જણાવ્યું.

**(BYTE: શિક્ષામંત્રી પ્રફુલ પાંસેરિયા)**

# CM GREETS MALDHARI SAMAJ

અમદાવાદના રબારી વસાહતોને કાયમી માલિકી હક આપતા સરકારનું અભિવાદન માલધારી સમાજ  દ્વારા કરાયું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્મા નું માલધારી સમાજના અગ્રણીઓએ સન્માન કર્યું હતું.

અમદાવાદમાં અલગ અલગ વિસ્તારમાં માલધારી સમાજની વસાહતો હતી. આ વસાહતોમાં રહેતા એક હજાર થી વધુ માલધારી પરિવારોને તેમના ઘરનો કાયમી માલિકી હકક આપવામાં આવ્યો હતો...

સમગ્ર ગુજરાતના માલધારી સમાજ દ્વારા મુખ્યમંત્રીને અભિનંદન પાઠવીને તેમનુ સંમાન કરવામાં આવ્યું હોવાનું રાજ્યસભાના સાંસદ બાબુ દેસાઇએ કહ્યું હતું.

**(બાઇટ- બાબુ દેસાઇ , સાંસદ)**

# MINERAL THEFT

સુરેન્દ્રનગરના ચોટીલામાં થતી ખનીજ ચોરીને રોકવા માટે હવે ચોટલી પ્રાંચ કચેરી દ્વારા જે જમીનમાં ગેરકાયદે ખનન થતું હોય તે જમીનને ખાલસા કરવાની દરખાસ્ત લાવવાની કામગીરી થઇ રહી છે..

થાન અને મૂળી પંથકમાં ચાલતા ગેરકાયદે ખનીજની ચોરીને રોકવા માટે ચોટીલા પ્રાંત દ્વારા દરોડા પાડવામાં આવી રહ્યા છે. જેમાં થોડા દિવસો પહેલા

થાનના જામવાડી અને ભલુડો વિસ્તારમાં દરોડા પાડીને 150થી વધુ ગેરકાયદે ખનન પકડી પાડવામાં આવ્યુ હતું... જેમાં કુલ 32 જમીન માલિકોના નામની પણ જાહેરાત કરાઈ હતી. ત્યારે હવે જમીનના માલિકોએ કુલ ૩ નિયમનો ભંગ કર્યો હતો. જમીન ખાલસા કરવા માટેની દરખાસ્ત કરવાની કામગીરી કરવામાં આવી રહી હોવાનું ચોટીલાના નાયબ કલેક્ટર એચ ટી મકવાણાએ જણાવ્યું હતું..

## (બાઈટ: એચ ટી મકવાણા નાયબ ક્લેક્ટર ચોટીલા)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

...................................

# KADI VOTER LIST

મહેસાણાના કડી વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત મતદાર યાદી માટે ખાસ સંક્ષિપ્ત સુધારણા કરવામાં આવી હતી.. આ અંતર્ગત યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા કલેક્ટર એસ.કે. પ્રજાપતિ માહિતી આપી હતી. કેલેક્ટરે જણાવ્યું કે, ધારાસભ્ય કરસન સોલંકી નું અવસાન થતાં ખાલી પડેલ 24 વિધાનસભા મત વિભાગની બેઠક ઉપર ભારતના ચૂંટણી પંચ દ્વારા આગામી સમયમાં પેટા ચૂંટણી યોજાશે..

**(BYTE: એસ.કે.પ્રજાપતિ: જિલ્લા કલેક્ટર મહેસાણા)**

# WEATHER

હવામાન વિભાગે દિવસ દરમિયાન રાજ્યમાં ગરમી યથાવત્ રહેવાની આગાહી કરી છે. ત્યારબાદ તાપમાનમાં બે-થી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. જ્યારે રાજ્યના કેટલાક ભાગ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આજે અને આવતીકાલે અતિશય ગરમીનું મોજું ફરી વળવાની—હિટવેવની પણ સંભાવના છે. દરમિયાન દક્ષિણ અને ઉત્તર ગુજરાતમાં પવનની ઝડપ 45થી 50 કિલોમીટરની રહેવાની હોવાથી માછીમારોને ચેતવણી અપાઈ છે.

રાજકોટમાં સખત ગરમી અને હીટવેવ ચાલી રહી છે તેથી રાજકોટ જિલ્લામાં બાંધકામ સાઈટો પર ખુલ્લા તાપમાં કામ કરતા શ્રમયોગીઓને ઉનાળાના સમયમાં બપોરે ૧થી ૪ વિશ્રામ આપવાનું ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી દ્વારા જારી કરવામાં આવ્યું છે.

# IPL CRICKET

આઇપીએલ ટી-20 ક્રિકેટમાં ગુજરાત ટાઇટન્સે ગઈ કાલે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સને 58 રનથી હરાવ્યું હતું. 218 રનના લક્ષ્યાંકનો પીછો કરતા રાજસ્થાનની ટીમ 19.2 ઓવરમાં માત્ર 159 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

અગાઉ, બેટિંગ કરવા ઉતરેલી ગુજરાત ટાઇટન્સે નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટે 217 રન બનાવ્યા હતા. સાઈ સુદર્શને 53 બોલમાં 82 રન બનાવ્યા હતા જ્યારે પ્રસિધ ક્રિષ્નાએ ત્રણ વિકેટ ઝડપી હતી. સુદર્શનને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. આ જીત સાથે ગુજરાત સતત ચોથી જીત સાથે ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે, જ્યારે રાજસ્થાન સાતમા સ્થાને રહ્યું છે.

આજે, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સાંજે 7.30 વાગ્યે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. દિલ્હી કેપિટલ્સ અત્યાર સુધી તમામ મેચો જીત્યું છે, જ્યારે આર.સી.બી ઘરઆંગણે એક પણ મેચ જીત્યું નથી

# MAHAVIR JAYANTI

આજે મહાવીર જયંતી છે.. આજના આ પાવન દિવસે જૈનો દ્વારા તેની વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે.. જૈન દેરાસરોમાં વિશેષ પૂજા અને આરાધના કરવામાં આવી રહી છે. મહાવીર જન્મ કલ્યાણકની શુભકામના પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જૈન અને જૈનેતર સમાજના સૌ નાગરિકોને પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણકના પર્વની શુભકામના પાઠવી છે.

# DWARKA TAIYARI

દેવભૂમિદ્વારકા જિલ્લામાં ભગવાન શ્રીકૃષ્ણ અને રુક્મણિનો આજે સત્કાર સમારોહ યોજાશે. ભગવાન શ્રીકૃષ્ણ રુક્મણિની લગ્ન સંપન્ન થયા બાદ આજે જાન દ્વારકા પહોંચશે. અહીં જાનનું ભવ્ય સ્વાગત કરાશે. જિલ્લાના અતિથિ ગૃહની પાછળના મેદાનમાં યોજાનારા મલ્ટિમીડિયા શોમાં ઉત્તર-પૂર્વ રાજ્યના કલાકારો સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરશે.